પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ    RNI NO:- 67073/97

26 JANUARY
HAPPY REPUBLIC DAY


વર્ષ : ૨૭  અંક : ૧૩૧  કુલ પાના : ૪  તારીખ : ૨૬-૦૧-૨૦૨૪ શુક્રવાર  કિંમત રૂ.૧.૫૦/-


EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

## ફ્રાન્સના રાષ્ટ્રપતિ તેમની ૨ દિવસની સરકારી મુલાકાતે, જયપુરમાં શાહી સ્વાગત,બંન્ને નેતાઓએ રોડ શો કર્યો

જયપુર,

આ વખતે પ્રજાસત્તાક દિવસ પરેડના મુખ્ય અતિથિ ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન ભારત પહોંચ્યા છે. તેમની ફ્લાઈટ આજે બપોરે જયપુરમાં લેન્ડ થઈ હતી. આ સાથે તેમની ૨ દિવસીય ભારતની રાજ્ય મુલાકાત પણ શરૂ થઈ ગઈ છે. સાંજે જયપુર પહોંચતા પીએમ મોદી તેમનું શાહી અંદાજમાં સ્વાગત કર્યું હતું આ પછી તેઓ પીએમ મોદી સાથે જયપુરના ઘણા કિલ્લાઓની મુલાકાત લીધી હતી. જયપુર ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ફ્લાઈટના ઉતરાણ બાદ રાજસ્થાનના રાજ્યપાલ કલરાજ મિશ્રા, સીએમ ભજનલાલ શર્મા અને વિદેશ મંત્રી એસ જયશંકરે તેમનું સ્વાગત કર્યું હતું. આ પછી મેક્રોનનો કાફલો એરપોર્ટથી રવાના થયો હતો. માર્ગમાં વિવિધ સ્થળોએ સામાન્ય લોકો અને શાળાના બાળકોએ હાથ હલાવીને કાફલાનું સ્વાગત કર્યું હતું.ત્યારબાદ પીએમ મોદી પણ સાંજે જયપુર પહોંચ્યા હતાં અને ફ્રાંસના રાષ્ટ્રપતિનું ઔપચારિક સ્વાગત કર્યું હતું આ પછી બંને નેતાઓ પિંક સિટી તરીકે ઓળખાતા ઐતિહાસિક હવા મહેલ, જંતર-મંતર અને જયપુરના આમેર કિલ્લાની મુલાકાત લીધી હતી બંને રાજ્યના વડાઓ જયપુરમાં જંતર-મંતરથી હવા મહેલ સુધી રોડ શો કર્યો હતો ઈમેન્યુઅલ મેક્રોન અને પીએમ મોદીની મુલાકાતને કારણે આજે આમેર કિલ્લામાં સામાન્ય લોકોનો પ્રવેશ બંધ રાખવામાં આવ્યો હતો ૨૬ જાન્યુઆરીએ ફ્રાન્સના રાષ્ટ્રપતિ રિપબ્લિક પરેડના મુખ્ય અતિથિ હશે. તમને જણાવી દઈએ કે મેક્રોન એવા પહેલા વિદેશી નેતા નથી જેમને પીએમ મોદી કોઈ ઐતિહાસિક શહેરની મુલાકાતે લઈ રહ્યા છે. આ તેની ખાસ શૈલી છે. આ દ્વારા તેઓ તેમના દેશના વિવિધ ભાગોમાં સ્થાનિક પ્રવાસનને વેગ આપે છે. જ્યારે પણ તેઓ કોઈ વિદેશી નેતાને કોઈ ચોક્કસ શહેરની મુલાકાતે લઈ જાય છે, ત્યારે તે સ્થાન વિશે દેશી અને વિદેશી મીડિયામાં રસ પેદા કરે છે, જેના કારણે પ્રવાસન સંબંધિત પ્રવૃત્તિઓ અચાનક નવા પરિમાણોને સ્પર્શવા લાગે છે. આ વખતે જયપુરને પણ આવી જ તક મળવા જઈ રહી છે. આ છઠ્ઠી વખત છે જ્યારે ફ્રાંસના રાષ્ટ્રપતિ ગણતંત્ર દિવસની પરેડના મુખ્ય અતિથિ હશે.આવી સ્થિતિમાં, સવાલ એ છે કે ગણતંત્ર દિવસ માટે મુખ્ય અતિથિની પસંદગી કેવી રીતે થાય છે, આ પ્રક્રિયા કેવી રીતે શરૂ થાય છે, મુખ્ય અતિથિની પસંદગી કરતી વખતે કઈ બાબતોને ધ્યાનમાં રાખવામાં આવે છે અને ભારત અને ફ્રાન્સ વચ્ચેના સંબંધો કેવા છે? તેમના જવાબો જાણો. ભારતમાં ગણતંત્ર દિવસ પર મુખ્ય અતિથિને આમંત્રિત કરવાની પરંપરા ૧૯૫૦માં શરૂ થઈ હતી. ઈન્ડોનેશિયાના તત્કાલિન રાષ્ટ્રપતિ સુકર્નો ગણતંત્ર દિવસના પ્રથમ મુખ્ય અતિથિ હતા. જો તમે ભારતીય પ્રોટોકોલ પર નજર નાખો, તો તમને દેખાશે કે આ કાર્યક્રમ માટે વિદેશી મહેમાનની પસંદગી કરવી એ પોતાનામાં સર્વોચ્ચ સન્માન માનવામાં આવે છે. સમારોહને લગતી દરેક વિશેષ પ્રવૃત્તિમાં તેઓ હાજર રહે છે. તેમને ૨૧ તોપોની સલામી આપવામાં આવી છે. તેમને રાષ્ટ્રપતિ ભવનની સામે ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવે છે. સાંજે રાષ્ટ્રપતિ તેમના માટે વિશેષ સ્વાગતનું આયોજન કરે છે. એટલું જ નહીં તેમણે રાજઘાટ પર રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ પણ અર્પણ કરી હતી. ગણતંત્ર દિવસ પર મુખ્ય અતિથિ કોણ હશે તેની પસંદગીની પ્રક્રિયા પ્રજાસત્તાક દિવસના ૬ મહિના પહેલા શરૂ થાય છે. ઈન્ડિયન એક્સપ્રેસના અહેવાલમાં ભારતના રાજદૂત રહી ચૂકેલા મનબીર સિંહનું કહેવું છે કે પ્રજાસત્તાક દિવસ પર વિદેશી મહેમાનની ભારત યાત્રાને પ્રતીકાત્મક યાત્રા તરીકે જોવામાં આવે છે. તે બંને દેશો વચ્ચેના મૈત્રીપૂર્ણ સંબંધો દર્શાવે છે. વિદેશી મહેમાનનું નામ નક્કી કરવાની જવાબદારી વિદેશ મંત્રાલયની છે. મુખ્ય અતિથિનું નામ પસંદ કરતી વખતે, સૌથી પહેલા તેમના અને તેમના દેશના ભારત સાથેના સંબંધો જોવામાં આવે છે. તે દેશની સેના, રાજનીતિ અને અર્થવ્યવસ્થા સાથે ભારતનું શું જોડાણ છે તેને પણ ગંભીરતાથી જોવામાં આવે છે. આ તમામ બાબતોને ધ્યાનમાં રાખીને વિદેશ મંત્રાલય વિદેશી મહેમાનના નામ પર સ્ટેમ્પ લગાવે છે. ભારત અને ફ્રાંસની મિત્રતા જૂની છે. ભારતે ૧૯૯૮માં પોખરણમાં પરમાણુ પરીક્ષણ કર્યું ત્યારે બંને દેશો વચ્ચે મિત્રતાનો પાયો મજબૂત થયો હતો. આ તે સમય હતો જ્યારે અમેરિકા અને પશ્ચિમી દેશોએ ભારત પર ઘણા નિયંત્રણો લાદ્યા હતા, ત્યારે ફ્રાન્સ એકમાત્ર મિત્ર દેશ હતો જેણે ભારતને મિત્ર તરીકે સમર્થન આપ્યું હતું. સંરક્ષણ ક્ષેત્રે ફ્રાન્સ અને ભારત વચ્ચેના સંબંધો પહેલાથી જ મજબૂત રહ્યા છે. ભારત વિશ્વભરમાં શસ્ત્રોનું સૌથી મોટું ખરીદનાર છે અને ફ્રાન્સ વિશ્વમાં ત્રીજા નંબરનું સૌથી મોટું શસ્ત્ર વેચનાર છે. સિપ્રી અનુસાર, ૨૦૧૮ અને ૨૦૨૨ ની વચ્ચે છેલ્લા ૪ વર્ષોમાં, ભારતે તેના 30% હથિયારો ફ્રાન્સ પાસેથી ખરીદ્યા છે. બંને દેશો વચ્ચે વાર્ષિક ૯૭ હજાર કરોડ રૂપિયાનો વેપાર થતો હતો. આનાથી એક વાત એ પણ સ્પષ્ટ થાય છે કે ફ્રાન્સની નજરમાં ભારત એક મોટું બજાર છે.







૭૫માં પ્રજાસત્તાક દિનની ઉજવણી નિમિત્તે ખુબ ખુબ અભિનંદન....

**મામલતદાર ઓફીસ**
તા.દેવગઢબારીઆ, જી.દાહોદ

**વિજયભાઈ**
પુરવઠા નાયબ મામલતદાર, દે.બારીઆ

**સમીર ડી. પટેલ**
એક્જ્યુકેટીવ મેજીસ્ટ્રેટ મુખ્ય મામલતદાર, દે.બારીઆ





































મહિસાગર, ખેડા આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા, નડીયાદ, કપડવંજ, કઠલાલ, ઠાસરા, માતર
પંચમહાલ સમાચાર

# નર્મદા,જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના ૩૯.૪૬ કરોડના ચાર કામોનું લોકાર્પણ અને ખાતમૂહૂર્ત કરતાં મંત્રી કુંવરજીભાઈ



મહીસાગર,

મહીસાગર જીલ્લાના બાલાસિનોર તાલુકાના ઓથવાડ ગામ ખાતેથી કેબિનેટ કક્ષાના જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળિયાના હસ્તે નર્મદા,જળ સંપત્તિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના ૩૯.૪૬ કરોડના ચાર કામોનું લોકાર્પણ અને ખાતમૂહૂર્ત કાર્યક્રમ યોજાયો.

આ પ્રસંગે મંત્રી કુંવરજીભાઈ બાવળિયાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી અને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલ ખેડૂતોની આવક બમણી કરવામાં માટે અનેક યોજનાઓ થકી ખેડૂતોને લાભ આપી તેમના જીવનમાં અનેક પરિવર્તનો લાવ્યા છે. છેવાડાનો એક પણ વ્યક્તિ પીવાના પાણીથી વંચિત ન રહે તેના માટે રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે. તેમણે આ વિસ્તારના ખેડૂતોને ટપક સિંચાઇ પદ્ધતિ અપનાવવા જોડાવવા અપીલ કરી હતી.

વધુમાં મંત્રી એ જણાવ્યું હતું કે, સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના કાર્યક્રમ અંતર્ગત મહિસાગર જીલ્લાના બાલાસિનોર નગરપાલિકાની વસ્તીને ધ્યાને રાખીને બાલાસિનોર શહેર માટે ઓપન સી.એસ.બી.આર ટેક્નોલોજી આધારિત નવીન ૬.૫૦ એમ.એલ.ડી. ક્ષમતાના સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવીને ભૂગર્ભ ગટર યોજનામાંથી નીકળતા ગંદા પાણીને ટ્રીટ કરીને એસ.ટી.પી. માંથી શુધ્ધ કરેલ ગટરના પાણીનો વણાકબોરી થર્મલ પાવર પ્લાન્ટ ખાતે પુનઃ ઉપયોગ કરી શુદ્ધ પાણીનો લાભ મળશે.

વરધરી સ્વરૂપ સાગર તળાવ આધારિત મહીસાગર જીલ્લાના લુણાવાડા તાલુકાના કસલાલ,ભલાડા અને ઢેસિયા ગામના તળાવો ભરવાની ઉદવહન સિંચાઈ યોજનાથી વરધરી સ્વરૂપસાગર તળાવમાંથી ૩(ત્રણ) ક્યુસેક પાણી ઉદવહન કરી મહીસાગર જીલ્લાના લુણાવાડા તાલુકાના કુલ–૩ ગામના કુલ–૩ તળાવો ભરવામાં આવનાર છે. જેનો અંદાજીત ખર્ચ રૂ.૨.૯૮ કરોડ થશે. આ યોજનાથી લુણાવાડા તાલુકાના કુલ–૩ ગામના ૧૪૫ હેક્ટર વિસ્તારને સિંચાઇનો લાભ મળશે તેમ મંત્રીએ જણાવ્યું હતું.

આ પ્રસંગે સાંસદ રતનસિંહ રાઠોડે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વિકસિત ભારત સંકલ્પ યાત્રા શરૂ કરાવી છેવાડાંનો એક પણ લાભ પાત્રતા ધરાવતો લાભાર્થી લાભથી વંચિત ન રહી જાય તેની ચિંતા કરી ઘરઆંગણે લાભ આપવામાં આવ્યા. ઝરમર નદી થકી ખેડૂતોને ખૂબ ફાયદો થશે.

આ પ્રસંગે બાલાસિનોર ધરસભય માનસિંહ ચૌહાણે પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. મંત્રીના હસ્તે સુજલામ સુફલામ સ્પ્રેડીંગ નહેરથી પાઈપલાઈન દ્વારા ઝરમર નદીને જોડાણ કરી ઝરમર નદી પરના ચેકડેમ ભરી પરોક્ષ રીતે સિચાઈનો લાભ આપવાના કામનું લોકાર્પણ, બાલાસિનોર ખાતે ૬.૫૦ એમ.એલ.ડી. ક્ષમતાના એસ.ટી.પી. બનાવી શુધ્ધ કરેલ ગટરના પાણીનો વણાકબોરી થર્મલ પાવર પ્લાન્ટમાં પુનઃ ઉપયોગ કરવા માટેની યોજનાનું લોકાર્પણ, લુણાવાડા શહેર માટે એસ.બી.આર. ટેકનોલોજી આધારિત ૫.૬૦ એમ.એલ.ડી. ક્ષમતાના એસ.ટી.પી. બનાવવાની કામગીરીનું લોકાર્પણ અને વરધરી સ્વરૂપસાગર તળાવ આધારિત મહીસાગર જીલ્લાના લુણાવાડા તાલુકાના કસલાલ, ભલાડા અને ઢેસિયા ગામના તળાવો ભરવાની ઉદવહન સિંચાઇ યોજનાનું ખાતમૂહૂર્ત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જીલ્લા વિકાસ અધિકારી ચંદ્રકાંત પટેલ, મધ્ય ગુજરાત મુખ્ય ઈજનેર એ.ડી. કાનાણી,અમદાવાદ સિંચાઈ યોજના વર્તુળ અધિક્ષક ઈજનેર એમ. એલ. પટેલ, પૂર્વ ધારાસભ્ય રાજેશભાઇ પાઠક, તાલિકા પંચાયત પ્રમુખ, સરપંચ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિતિ રહ્યા હતા.

# ગોધરા રેલ્વે સ્ટેશન પ્લેટ ફોર્મ-૧ પાસેથી રીક્ષા સ્ટેન્ડને રેલ્વે તંત્રએ હટાવી દેતાં રીક્ષા ચાલકો અને રેલ્વે તંત્ર વચ્ચે ઘર્ષણ



ગોધરા,

ગોધરા રેલ્વે સ્ટેશન પ્લેટ ફોર્મ નંબર–૧ પાસે રીક્ષા ચાલકો વર્ષોથી ઉભા રહેતા હોય છે. આ રીક્ષા ચાલકોને રેલ્વે તંત્ર દ્વારા હટાવી દેવામાં આવતાં રેલ્વે તંત્ર અને રીક્ષા ચાલકો વચ્ચે ઘર્ષણ સર્જાવા પામ્યું છે. રેલ્વે દ્વારા રીક્ષા ઉભી રાખવાની બંધ કરી દેવામાં આવતાં રેલ્વેમાં આવતા મુસાફરોને સામાન સાથે દુર સુધી ચાલવા માટે મજબુર થઈ રહ્યા છે.

ગોધરા રેલ્વે સ્ટેશન જીલ્લાનું સૌથી મોટું રેલ્વે સ્ટેશન હોય અને દિલ્હી–મુંબઈ વચ્ચેનો રેલ્વે વ્યવહાર ચાલતો હોય જેને લઈ મોટા પ્રમાણમાં શહેરીજનો રેલ્વેની મુસાફરી કરતાં હોય છે. ગોધરા રેલ્વે સ્ટેશન પ્લેટ ફોર્મ નંબર–૧ પાસે છેલ્લા વર્ષોથી ૫૦ જેટલા ઓટો રીક્ષા ચાલકો રેલ્વે સ્ટેશન બહાર ઉભા રહીને રોજીરોટી કમાઈ રહ્યા છે. ત્યારે ૨૪ જાન્યુઆરીના રોજ ગોધરા રેલ્વે તંત્ર દ્વારા પ્લેટ ફોર્મ નંબર–૧ –બહાર ઉભી રહેતી રીક્ષાઓને હટાવી દેવામાં આવતાં રેલ્વે તંત્ર અને રીક્ષા ચાલકો વચ્ચે ઘર્ષણ સર્જાવા પામ્યું છે. ઓટો રીક્ષા ચાલકો દ્વારા રેલ્વે તંત્ર પાસે કાયમી રીક્ષા સ્ટેન્ડ ફાળવવાની માંગ કરતાં રેલ્વે તંત્ર દ્વારા સ્ટેન્ડ ભાડાની માંગ કરતાં રીક્ષા સ્ટેન્ડને લઈ અનેક વખતે તંત્ર અને રીક્ષા ચાલકો વચ્ચે ખટરાગ થવા પામી છે. હાલ રેલ્વે તંત્ર દ્વારા પ્લેટ ફોર્મ નંબર–૧ પાસે ઉભી રહેતી રીક્ષાઓને ઉભી રાખવાની મનાઈ ફરમાવી દેવામાં આવી છે. જેને લઈ રીક્ષા ચાલકે રેલ્વે વચ્ચેથી દુર રીક્ષા ઉભી રાખતા હોય છે. જેને લઈ લાંબી મુસાફરી કરી આવતાં રેલ્વેના મુસાફરોને માલસામાન સાથે રીક્ષા મેળવવા લાંબે સુધી ચાલવા મજબુર બન્યા છે. ગોધરા રેલ્વે સ્ટેશન પ્લેટ ફોર્મ નંબર–૧ પાસે રીક્ષા લઈ ઉભા રહેતા રીક્ષા ચાલકો ગરીબ વર્ગના હોય જેને લઈ રેલ્વે તંત્રને ઓટો રીક્ષા સ્ટેન્ડ માટે રૂપીયા ભરી શકે તેમ નથી. હાલ ગોધરા રેલ્વે સ્ટેશન પાસેથી રીક્ષા હટાવી દેવાને લઈ મુસાફરોને હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. જેને લઈ રીક્ષા પાર્કિંગનું કાયમી નિરાકરણ લાવવું જરૂરી છે.

# પંચમહાલ જીલ્લાકક્ષાના ૭૫માં પ્રજાસત્તાક દિન મોરવા(હ)ના સાલીયા (સંતરોડ) ખાતે ગુજરાત વિધાનસભા ઉપાધ્યક્ષના હસ્તે ધ્વજ વંદન કરાશે

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં ૭૫માં પ્રજાસત્તાક દિનની જીલ્લાકક્ષાની ઉજવણી મોરવા(હ) તાલુકાના સાલીયા (સંતરોડ) ખાતે જે. આર.ભાટીયા હાઈસ્કુલના મેદાન ખાતે ગુજરાત વિધાનસભા ઉપાધ્યક્ષ જેઠાભાઈ આહિર (ભરવાડ)ના વરદ્દહસ્તે ધ્વજ વંદન સમારોહ યોજવામાં આવેલ છે.

મોરવા(હ)ના સાલીયા (સંતરોડ) ખાતે યોજાનાર ૭૫માં પ્રજાસત્તાક દિનની ઉજવણી પ્રસંગે સવારે ૯.૦૦ કલાકે ગુજરાત વિધાનસભા ઉપાધ્યક્ષ જેઠાભાઈ આહિર (ભરવાડ)ના વરદ્દહસ્તે ધ્વજ વંદન અને સલામી અપાશે. ઉપાધ્યક્ષ દ્વારા પરેડ નિરીક્ષણ અને સલામી કૂચ બાદમાં ઉદ્દબોધન તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમ જીલ્લામાં સામાજીક અને સેવાકીય પ્રવૃતિ બદલ દ્વારા સ્થિતપત્ર વિતરણ તેમજ વૃક્ષારોપણના કાર્યક્રમ યોજાશે.

# દાહોદ જીલ્લા ના ગરબાડામાં ૧૫૦૦ જેટલાં બાળકો ગંદકીથી ખદબદતા માર્ગ પર કાદવ ખુપીને શાળાએ જવા મજબૂર



દાહોદ,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વચ્છ ભારત મિશનને ગરબાડામાં ગ્રહણ લાગ્યું હોય તેમ જોવાઈ રહ્યું છે. એક તરફ આખા દેશભરમાં સરકાર દ્વારા સફાઈ અભિયાન ચાલુ કરવામાં આવી રહ્યું છે. ત્યારે બીજી તરફ દાહોદ જીલ્લાના ગરબાડાથી જાંબુઆ રોડ પર કોલેજ અને મોટી શાળાઓ આવેલી છે અને ત્યાંથી દરરોજના સેકડો વાહનો અવર–જવર કરે છે. ત્યારે આ માર્ગ મકાન વિભાગના રોડ પર મસમોટો ખાડો પડી જતા ગટરના ગંદા પાણી માર્ગ પર રહેલા હતા. આ માર્ગ ગંદગીથી ખદખદી રહ્યા છે. જેના પગલે આજુબાજુના રહેણાંક વિસ્તારના લોકો ગંદુ પાણી રોડ પર છોડતા આ ખાડો ગંદુ અને દુષિત પાણી ભરાઈ રહ્યું છે. સામાન્ય દુકાનદારો અને રહીશો આ દુર્ગંધ મારતાં પાણીથી ત્રાહિમામ પોકારી ગયા છે. એક બાજુ સરકાર કરોડો રૂપિયાનો ધુમાડો કરી રહી છે. ત્યારે ગરબાડાની હાઈસ્કુલ, કોલેજના ૧૫૦૦ જેટલાં વિદ્યાર્થીઓ આવા ગંદા પાણી માંથી પસાર થઈને શાળાએ, કોલેજ જાય છે. દુષિત ગંદાં પાણીના કારણે અસહ્ય દુર્ગંધ પણ આવે છે. જેના પગલે રોગચાળો ફાટી નીકળવાની આશંકા સેવાઈ રહી છે. નગરવાસીઓને પડી રહેલી હાલાકીને માર્ગ મકાન વિભાગના અધિકારીઓ આ સમસ્યાનો હલ ક્યારે લાવશે ? અને દુષિત પાણી રોડ પર કાઢવા વાળા પર શું કાર્યવાહી કરશે એક મોટો સવાલ છે. ત્યારે હાલ તો આ ગંદકીના સામ્રાજ્ય વચ્ચેથી શાળા કોલેજના વિદ્યાર્થીઓ ભારે હાલાકી સાથે પસાર થવા મજબૂર બન્યા છે.

૭૫માં પ્રજાસત્તાક દિનની શુભેચ્છા...
જાંબુઘોડા ગ્રામ પંચાયત
: સરપંચ :
જીતકુમાર મયંકકુમાર દેસાઈ
તલાટી કમ મંત્રીશ્રી
તથા ગ્રામ પંચાયતના સભ્યો તરફથી
મુ.તા. જાંબુઘોડા

૭૫માં પ્રજાસત્તાક દિનની શુભેચ્છા...
નાથપુરી ગ્રામ પંચાયત
: સરપંચ :
કનુભાઈ ચીમાભાઈ બારીઆ
તલાટી કમ મંત્રીશ્રી
તથા ગ્રામ પંચાયતના સભ્યો તરફથી
મુ. નાથપુરી, તા. જાંબુઘોડા

૭૫માં પ્રજાસત્તાક દિનની શુભેચ્છા...
જોટવડ ગ્રામ પંચાયત
: સરપંચ :
ચકુબેન પ્રેમસિંગભાઈ બારીઆ
તલાટી કમ મંત્રીશ્રી
તથા ગ્રામ પંચાયતના સભ્યો તરફથી
મુ. જોટવડ, તા. જાંબુઘોડા

૭૫માં પ્રજાસત્તાક દિનની શુભેચ્છા...
ભાણપુરા ગ્રામ પંચાયત
: સરપંચ :
શારદાબેન તુલસિંહ બારીઆ
તલાટી કમ મંત્રીશ્રી
તથા ગ્રામ પંચાયતના સભ્યો તરફથી
મુ. ભાણપુરા, તા. જાંબુઘોડા

૭૫માં પ્રજાસત્તાક દિનની શુભેચ્છા...
મસાબાર ગ્રામ પંચાયત
: સરપંચ :
વિલાસબેન અશ્વિનભાઈ બારીઆ
તલાટી કમ મંત્રીશ્રી
તથા ગ્રામ પંચાયતના સભ્યો તરફથી
મુ. મસાબાર, તા. જાંબુઘોડા

૭૫માં પ્રજાસત્તાક દિનની શુભેચ્છા...
પડીડેરી ગ્રામ પંચાયત
: સરપંચ :
તુલસીભાઈ ખાતરભાઈ તડવી
તલાટી કમ મંત્રીશ્રી
તથા ગ્રામ પંચાયતના સભ્યો તરફથી
મુ. પડીડેરી, તા. જાંબુઘોડા

૭૫માં પ્રજાસત્તાક દિનની શુભેચ્છા...
નરૂકોટ ગ્રામ પંચાયત
: સરપંચ :
ધીરાભાઈ ચીમાભાઈ બારીઆ
તલાટી કમ મંત્રીશ્રી
તથા ગ્રામ પંચાયતના સભ્યો તરફથી
મુ. નરૂકોટ, તા. જાંબુઘોડા

૭૫માં પ્રજાસત્તાક દિનની શુભેચ્છા...
ઝાબાણ ગ્રામ પંચાયત
: સરપંચ :
મમલીબેન પ્રતાપભાઈ રાઠવા
તલાટી કમ મંત્રીશ્રી
તથા ગ્રામ પંચાયતના સભ્યો તરફ઼
મુ. ઝાબાણ, તા. જાંબુઘોડા

૭૫માં પ્રજાસત્તાક દિનની શુભેચ્છા...
ડુમા ગ્રામ પંચાયત
: સરપંચ :
સિતાબેન મહેન્દ્રભાઈ બારીઆ
તલાટી કમ મંત્રીશ્રી
તથા ગ્રામ પંચાયતના સભ્યો તરફથી
મુ. ડુમા, તા. જાંબુઘોડા

૭૫માં પ્રજાસત્તાક દિનની શુભેચ્છા...
ગાધરા ગ્રામ પંચાયત
: સરપંચ :
બજીબેન કનુભાઈ રાઠવા
તલાટી કમ મંત્રીશ્રી
તથા ગ્રામ પંચાયતના સભ્યો તરફથી
મુ. ગાધરા, તા. જાંબુઘોડા

૭૫માં પ્રજાસત્તાક દિનની શુભેચ્છા...
ચાલવડ ગ્રામ પંચાયત
: સરપંચ :
ધર્મિષ્ઠાબેન ગોપાલભાઈ બારીઆ
તલાટી કમ મંત્રીશ્રી
તથા ગ્રામ પંચાયતના સભ્યો તરફથી
મુ. ચાલવડ, તા. જાંબુઘોડા

૭૫માં પ્રજાસત્તાક દિનની શુભેચ્છા...
વાવ ગ્રામ પંચાયત
: સરપંચ :
કપિલાબેન રાજેશભાઈ બારીઆ
તલાટી કમ મંત્રીશ્રી
તથા ગ્રામ પંચાયતના સભ્યો તરફથી
મુ. વાવ, તા. જાંબુઘોડા

૭૫માં પ્રજાસત્તાક દિનની શુભેચ્છા...
ડીચપુરા ગ્રામ પંચાયત
: સરપંચ :
દર્શનભાઈ પુનાભાઈ બારીઆ
તલાટી કમ મંત્રીશ્રી
તથા ગ્રામ પંચાયતના સભ્યો તરફથી
મુ. ડીચપુરા, તા. જાંબુઘોડા

૭૫માં પ્રજાસત્તાક દિનની શુભેચ્છા...
રામપુરા ગ્રામ પંચાયત
: સરપંચ :
કસ્તુરીબેન લાલસીંગભાઈ રાઠવા
તલાટી કમ મંત્રીશ્રી
તથા ગ્રામ પંચાયતના સભ્યો તરફથી
મુ. રામપુરા, તા. જાંબુઘોડા

૭૫માં પ્રજાસત્તાક દિનની શુભેચ્છા...
ધનપુરી ગ્રામ પંચાયત
: સરપંચ :
રમીલાબેન તેરસીંગભાઈ બારીઆ
તલાટી કમ મંત્રીશ્રી
તથા ગ્રામ પંચાયતના સભ્યો તરફથી
મુ. ધનપુરી, તા. જાંબુઘોડા

૭૫માં પ્રજાસત્તાક દિનની શુભેચ્છા...
ખોડસલ ગ્રામ પંચાયત
: સરપંચ :
સંગીતાબેન અશ્વિનભાઈ બારીઆ
તલાટી કમ મંત્રીશ્રી
તથા ગ્રામ પંચાયતના સભ્યો તરફથી
મુ. ખોડસલ, તા. જાંબુઘોડા

૭૫માં પ્રજાસત્તાક દિનની શુભેચ્છા...
ગરમુલા ગ્રામ પંચાયત
: સરપંચ :
સુરેખાબેન બળવંતભાઈ બારીઆ
તલાટી કમ મંત્રીશ્રી
તથા ગ્રામ પંચાયતના સભ્યો તરફથી
મુ. ગરમુલા, તા. જાંબુઘોડા

૭૫માં પ્રજાસત્તાક દિનની શુભેચ્છા...
ખાંડીવાવ ગ્રામ પંચાયત
: સરપંચ :
શંકરભાઈ ભગાભાઈ બારીઆ
તલાટી કમ મંત્રીશ્રી
તથા ગ્રામ પંચાયતના સભ્યો તરફથી
મુ. ખાંડીવાવ, તા. જાંબુઘોડા

૭૫માં પ્રજાસત્તાક દિનની શુભેચ્છા...
ખાખરીયા ગ્રામ પંચાયત
: સરપંચ :
આશાબેન નરેન્દ્રભાઈ બારીઆ
તલાટી કમ મંત્રીશ્રી
તથા ગ્રામ પંચાયતના સભ્યો તરફથી
મુ. ખાખરીયા, તા. જાંબુઘોડા

૭૫માં પ્રજાસત્તાક દિનની શુભેચ્છા...
કણજીપાણી ગ્રામ પંચાયત
: સરપંચ :
કોકીલાબેન નવનીતભાઈ બારીઆ
તલાટી કમ મંત્રીશ્રી
તથા ગ્રામ પંચાયતના સભ્યો તરફથી
મુ. કણજીપાણી, તા. જાંબુઘોડા

૭૫માં પ્રજાસત્તાક દિનની શુભેચ્છા...
કરા ગ્રામ પંચાયત
: સરપંચ :
વિદ્યાબેન ધર્મેન્દ્રભાઈ બારીઆ
તલાટી કમ મંત્રીશ્રી
તથા ગ્રામ પંચાયતના સભ્યો તરફથી
મુ. કરા, તા. જાંબુઘોડા

૭૫માં પ્રજાસત્તાક દિનની શુભેચ્છા...
ઉઢવણ ગ્રામ પંચાયત
: સરપંચ :
ભીમસીંગ ખુમાનભાઈ બારીઆ
તલાટી કમ મંત્રીશ્રી
તથા ગ્રામ પંચાયતના સભ્યો તરફથી
મુ. ઉઢવણ, તા. જાંબુઘોડા

૭૫માં પ્રજાસત્તાક દિનની શુભેચ્છા...
ઉચેટ ગ્રામ પંચાયત
: સરપંચ :
હંસાબેન અજયકુમાર રાઠવા
તલાટી કમ મંત્રીશ્રી
તથા ગ્રામ પંચાયતના સભ્યો તરફથી
મુ. ઉચેટ, તા. જાંબુઘોડા



# ૭૫મું પ્રજાસત્તાક પર્વ

રાજ્ય મહોત્સવ, ૨૬ જાન્યુઆરી ૨૦૨૪, જૂનાગઢ



સુશાસનના સંકલ્પ સાથે...
જનકલ્યાણના સેવા યજ્ઞ માટે સમર્પિત...
સતત કાર્યશીલ રાજ્ય સરકાર...

જાન્યુઆરી 26 ૨૦૨૪

માનનીય રાજ્યપાલ

**આચાર્ય દેવવ્રતજી**ના

વરદ્હસ્તે

**ધ્વજવંદન સમારોહ**

**તારીખઃ** ૨૬ જાન્યુઆરી ૨૦૨૪, શુક્રવાર, **સવારે** ૯:૦૦ વાગે

**સ્થળઃ** રાષ્ટ્રવીર શ્રી છેલભાઈ દવે પોલીસ તાલીમ મહાવિદ્યાલય,પોલીસ પરેડ ગ્રાઉન્ડ, બિલખા રોડ, જૂનાગઢ

પ્રેરક ઉપસ્થિતિ

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**

માનનીય મુખ્યમંત્રી

## અમૃતકાળમાં સતત વિકસતું ગુજરાત

પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ રાજ્યના ૭૨ લાખથી વધુ NFSA રેશનકાર્ડ ધારક પરિવારોના **૩.૫૫ કરોડ લોકોને વિનામૂલ્યે અનાજ વિતરણ**

પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના અંતર્ગત **ગુજરાતમાં ૩૮ લાખથી** વધુ મહિલાઓને ઉજ્જવલા ગેસ કનેક્શન

PMJAY-MA યોજના અંતર્ગત ગુજરાતમાં **૨ કરોડ લોકોને ₹૧૦ લાખ** સુધીનું નિઃશુલ્ક આરોગ્ય કવચ

પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના અંતર્ગત રાજ્યમાં ૧૫ હપ્તામાં **₹૧૫,000 કરોડ**થી વધુ રકમની સહાયઃ **૬૪ લાખ**થી વધુ ખેડૂતોને મળ્યો લાભ

પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ **રાજ્યમાં 13 લાખથી** વધુ આવાસોનું થયું નિર્માણ

જળ જીવન મિશન અંતર્ગત અત્યાર સુધી ગુજરાતમાં **૯૨ લાખ**થી વધુ ઘરને મળ્યું **નળ કનેક્શન**

**પ્રજાસત્તાક પર્વની સૌ ગુજરાતવાસીઓને શુભેચ્છાઓ...**









આપણે સહુ સ્વરાજ્ય પ્રાપ્તિ પછી

**સુરાજ્યનું સપનું સાકાર કરવા પ્રતિબદ્ધ છીએ**

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# ગોધરામાં પ્રજાસત્તાક દિનની પૂર્વ સંધ્યાએ ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ

ગોધરા, પ્રજાસત્તાક દિનની પૂર્વસંધ્યાએ ગોધરા શહેરમાં ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. પોલીસ મુખ્યમથક ખાતેથી નીકળેલી આ વિશાળ તિરંગાયાત્રામાં શહેરના વિવિધ સમાજના લોકો, શાળાના બાળકો, પોલીસ વિભાગના કર્મચારીઓ, વનવિભાગના કર્મચારીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. આ તિરંગાયાત્રા શહેરના વિવિધ વિસ્તારોમાં ફરીને રામસાગર તળાવ ખાતે સમાપન પામી હતી.

આવતીકાલે ૭૫ પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવનાર છે. ત્યારે પ્રજાસત્તાક દિનની ઉજવણીની પૂર્વસંધ્યાએ પંચમહાલ જિલ્લા વહીવટીતંત્ર અને જિલ્લા પોલીસ વિભાગ દ્વારા આજે ગોધરા શહેરમાં વિશાળ તિરંગાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.



ગોધરા શહેરના પોલીસ મુખ્યમથક ગ્રાઉન્ડ ખાતેથી ગોધરા ધારાસભ્ય સી.કે.રાઉલજી, મોરવા હડફ ધારાસભ્ય નિમિષાબેન સુથાર, જિલ્લા કલેક્ટર આશિષ કુમાર, ગોધરા રેન્જ ડીઆઈજી આર.વી.અસારી અને જિલ્લા પોલીસવડા હિમાંશુ સોલંકી દ્વારા વિશાળ તિરંગારેલીને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. જેમાં ગોધરા શહેરનાં તમામ સમાજના લોકો, ગોધરા શહેરના તમામ ગણેશ મંડળના સભ્યો, રાજકીય પક્ષોના હોદ્દેદારો તથા કાર્યકરો, પોલીસ વિભાગના કર્મચારીઓ, વનવિભાગના કર્મચારીઓ સહિત વિવિધ શાળાના બાળકો મોટી સંખ્યામાં જોડાયા હતાં. ગોધરા શહેરના પોલીસ મુખ્યમથક ખાતેથી નીકળેલી આ તિરંગાયાત્રા ચર્ચ સર્કલ થઈને વિશ્વકર્મા ચોકથી શ્રી ગણેશજી વિસર્જનયાત્રાના પરંપરાગત રૂટ પર ફરીને રામસાગર તળાવ ખાતે સમાપન પામી હતી. તિરંગાયાત્રાનું પશ્ચિમ વિસ્તારોમાં મુસ્લિમ સમાજ દ્વારા પુષ્પવર્ષા કરીને સ્વાગત કરવામાં આવ્યું હતું. જિલ્લા કલેક્ટર આશિષ કુમાર દ્વારા તિરંગા યાત્રામાં જોડાયેલા તમામ લોકોનો આભાર વ્યક્ત કરીને આગામી સમયમાં યોજાનાર કાર્યક્રમોને આ પ્રકારે જ સહયોગ આપવા માટે અનુરોધ કર્યો હતો.

## ગુજરાત સરકાર
### નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
### ટૂંકી મુદતની જાહેર નિવિદા નં.“૦૬” સને ૨૦૨૩-૨૪

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના વતી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાનમ હાય લેવલ કેનાલ પેટાવિભાગ નં.૩, ગોધરા-૩૮૯૦૦૧ જિ. પંચમહાલ. ફોન નં. (૦૨૬૭૨) ૨૪૧૯૨૪ દ્વારા યોગ્ય શ્રેણીમાં નોંધણી ધરાવતા ઈજારદારો પાસેથી બિલ્ડીંગ સિવિલ વર્કના ૨ (બે) કામો માટે ઓફલાઈન ટેન્ડર, સ્ટાન્ડર્ડ બિડ ડોક્યુમેન્ટ ફોર્મેટમાં મંગાવવામાં આવે છે, જેની અંદાજી રકમ રૂ.૨.૮૪ થી ૨.૮૯ લાખ છે. ઉક્ત કામોના ટેન્ડર ચાલુ કચેરી દરમ્યાન ઈજારદારશ્રીએ પોતાના લેટરપેડ ઉપર જરૂરી ટેન્ડર ફી, જરૂરી રજિસ્ટ્રેશન, ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ ની બેન્ક સોલવન્સી, પાનકાર્ડ તેમજ અનુભવનું પ્રમાણપત્ર રજૂ કર્યેથી ટેન્ડરની નકલ તા.૩૧/૧/૨૦૨૪, ૧૨-૦૦ કલાક સુધી આપવામાં આવશે તથા તા.૮/૨/૨૦૨૪ ના ૧૮.૦૦ કલાક સુધી ભાવો ભરેલા ટેન્ડર આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટથી કચેરીમાં પહોંચાડવાના રહેશે. શક્ય હશે તો તા.૯/૨/૨૦૨૪ ના ૧૨.૦૦ કલાકે સદરહુ કચેરીમાં ભાવો ભરેલા ટેન્ડર ખોલવામાં આવશે. એક અથવા બધા જ ટેન્ડર મંજૂર કે નામંજૂર કરવાની સત્તા નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીની રહેશે જેના કોઈ કારણો આપવામાં આવશે નહિ.

માહિતી/ગોધરા/૮૧૯/૨૦૨૪

૭૫માં પ્રજાસત્તાક દિનની શુભેચ્છા...
ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ
: ચેરમેનશ્રી : ધર્મેન્દ્રસિંહ છત્રસિંહ રાઠોડ
: વા.ચેરમેનશ્રી : કેતનકુમાર દિનેશચંદ્ર શાહ
: ઈ.સેક્રેટરીશ્રી : વિજયસિંહ જી. ચૌહાણ
: સભ્યશ્રીઓ :
ગિરવતસિંહ છત્રસિંહ પરમાર | અર્જુનસિંહ છત્રસિંહ રાઠોડ | સતીષકુમાર નટવરલાલ શાહ
મહેશકુમાર અનોપસિંહ પરમાર | હિંમતસિંહ ગમીરસિંહ પરમાર | સંજયકુમાર નવનીતલાલ શેઠ
વિરેન્દ્રસિંહ ગબાભાઈ ચૌહાણ | દશરથસિંહ રામસિંહ સોલંકી | પ્રદ્યુમનસિંહ વિજયસિંહ પરમાર
મોહનભાઈ ચંદુભાઈ પટેલ | ગુણવંતસિંહ કેશરીસિંહ પરમાર | નિરવકુમાર ગૌતમભાઈ પટેલ
સંજયભાઈ જયંતિભાઈ પટેલ | કિરીટકુમાર હિરાલાલ મહેતા | સચિનકુમાર ગોકળદાસ દેસાઈ
સહકારી અધિકારી (ગ્રેડ-૨ બજાર) લગત ગોધરા
વિસ્તરણ અધિકારી (ખેતી) તાલુકા પંચાયત કાલોલ
તથા તમામ કર્મચારી ગણ....
મુ.પો. ડેરોલ સ્ટેશન, તા.કાલોલ, જી.પંચમહાલ

૭૫માં પ્રજાસત્તાક દિનની શુભેચ્છા...
હાંસેલાવ ગ્રામ પંચાયત
મુ.હાંસેલાવ, તા.શહેરા
: વાહીવટદાર : એસ. સી. બામણીયા
: તલાટી/મંત્રી : પી. એમ. બારીઆ
તથા ગ્રામ પંચાયતના સભ્યો તરફથી
Happy Republic Day

૭૫માં પ્રજાસત્તાક દિનની શુભેચ્છા...
પાદરડી ગ્રામ પંચાયત
મુ.પાદરડી, તા.શહેરા
: સરપંચ : બારીઆ પ્રેમસિંહ મોહનભાઈ
: તલાટી/મંત્રી : આર. જી. પટેલ
તથા ગ્રામ પંચાયતના સભ્યો તરફથી

૭૫માં પ્રજાસત્તાક દિનની શુભેચ્છા...
ખોજલવાસા ગ્રામ પંચાયત
મુ.ખોજલવાસા, તા.શહેરા
: સરપંચ : બારીઆ સુભાષભાઈ ભૂપતભાઈ
: તલાટી/મંત્રી : એન. ટી. બારીઆ
તથા ગ્રામ પંચાયતના સભ્યો તરફથી

૭૫માં પ્રજાસત્તાક દિનની શુભેચ્છા...
વાડી ગ્રામ પંચાયત
મુ.વાડી, તા.શહેરા
: સરપંચ : માછી રમેશભાઈ બીજલભાઈ
: તલાટી/મંત્રી : આર. એસ. ડામોર
તથા ગ્રામ પંચાયતના સભ્યો તરફથી

૭૫માં પ્રજાસત્તાક દિનની શુભેચ્છા...
ખરોલી ગ્રામ પંચાયત
મુ.ખરોલી, તા.શહેરા
: સરપંચ : રણજીતસિંહ ઉદેસિંહ પરમાર
: તલાટી/મંત્રી : આર. એસ. ડામોર
તથા ગ્રામ પંચાયતના સભ્યો તરફથી

૭૫માં પ્રજાસત્તાક દિનની શુભેચ્છા...
ગાંગડીયા ગ્રામ પંચાયત
મુ.ગાંગડીયા, તા.શહેરા
: સરપંચ : પટેલ સુનિતાબેન ગણપતભાઈ
: તલાટી/મંત્રી : મહેશભાઈ વી. ભાભોર
તથા ગ્રામ પંચાયતના સભ્યો તરફથી
Happy Republic Day

Happy Republic Day
26 January
મહેલાણ ગ્રામ પંચાયત
મુ.મહેલાણ, તા.શહેરા
: સરપંચ : માલીવાડ નંદાબેન પર્વતસિંહ
: તલાટી/મંત્રી : મહેશભાઈ વી. ભાભોર
તથા ગ્રામ પંચાયતના સભ્યો તરફથી

૭૫માં પ્રજાસત્તાક દિનની શુભેચ્છા...
તરસંગ ગ્રામ પંચાયત
મુ.તરસંગ, તા.શહેરા
: સરપંચ : સોલંકી જલ્પાબેન અરવિંદસિંહ
: તલાટી/મંત્રી : બી. બી. રાઠોડ
તથા ગ્રામ પંચાયતના સભ્યો તરફથી

૭૫માં પ્રજાસત્તાક દિનની શુભેચ્છા...
મોરવા ગ્રામ પંચાયત
મુ.મોરવા, તા.શહેરા
: સરપંચ : પટેલ સુમિત્રાબેન મહેશભાઈ
: તલાટી/મંત્રી : જિમીતકુમાર સી. ચૌહાણ
તથા ગ્રામ પંચાયતના સભ્યો તરફથી

૭૫માં પ્રજાસત્તાક દિનની શુભેચ્છા...
મીઠાપુર ગ્રામ પંચાયત
મુ.મીઠાપુર, તા.શહેરા
: સરપંચ : સોલંકી વર્ષાબેન સંજયભાઈ
: તલાટી/મંત્રી : એસ. સી. બામણીયા
તથા ગ્રામ પંચાયતના સભ્યો તરફથી

૭૫માં પ્રજાસત્તાક દિનની શુભેચ્છા...
ધાંધલપુર ગ્રામ પંચાયત
મુ.ધાંધલપુર, તા.શહેરા
: સરપંચ : પટેલ સવિતાબેન મંગળભાઈ
: તલાટી/મંત્રી : એસ. સી. બામણીયા
તથા ગ્રામ પંચાયતના સભ્યો તરફથી

૭૫માં પ્રજાસત્તાક દિનની શુભેચ્છા...
માતરીયા વ્યાસ ગ્રામ પંચાયત
મુ.માતરીયાવ્યાસ, તા.શહેરા
: સરપંચ : નાયકા જીતુબેન ગણપતભાઈ
: તલાટી/મંત્રી : બી. એ. પટેલીયા
તથા ગ્રામ પંચાયતના સભ્યો તરફથી

૭૫માં પ્રજાસત્તાક દિનની શુભેચ્છા...
તાડવા ગ્રામ પંચાયત
મુ.તાડવા, તા.શહેરા
: સરપંચ : ચારણ હાજાભાઈ નાનાભાઈ
: તલાટી/મંત્રી : આયુષ એ. વિદ્યાધર
તથા ગ્રામ પંચાયતના સભ્યો તરફથી

૭૫માં પ્રજાસત્તાક દિનની શુભેચ્છા...
ખાંટના મુ. ગ્રામ પંચાયત
મુ.ખાંટના મુવાડા, તા.શહેરા
: સરપંચ : ઠાકોર ભુપેન્દ્રસિંહ યશવંતસિંહ
: તલાટી/મંત્રી : આયુષ એ. વિદ્યાધર
તથા ગ્રામ પંચાયતના સભ્યો તરફથી
Happy Republic Day

Happy Republic Day
26 January
મંગલીયાણા ગ્રામ પંચાયત
મુ.મંગલીયાણા, તા.શહેરા
: સરપંચ : નાયકા રાજેન્દ્રભાઈ અમરાભાઈ
: તલાટી/મંત્રી : એ. આર. પંચાલ
તથા ગ્રામ પંચાયતના સભ્યો તરફથી

૭૫માં પ્રજાસત્તાક દિનની શુભેચ્છા...
ખાંડીયા ગ્રામ પંચાયત
મુ.ખાંડીયા, તા.શહેરા
: સરપંચ : પરમાર નર્મદાબેન રાજેન્દ્રસિંહ
: તલાટી/મંત્રી : એલ. જે. ડામોર
તથા ગ્રામ પંચાયતના સભ્યો તરફથી

૭૫માં પ્રજાસત્તાક દિનની શુભેચ્છા...
મીઠાલી ગ્રામ પંચાયત
મુ.મીઠાલી તા.શહેરા
: સરપંચ : બારીઆ બાલુબેન સોમાભાઈ
: તલાટી/મંત્રી : એલ. જે. ડામોર
તથા ગ્રામ પંચાયતના સભ્યો તરફથી

૭૫માં પ્રજાસત્તાક દિનની શુભેચ્છા...
ધામણોદ ગ્રામ પંચાયત
મુ.ધામણોદ, તા.શહેરા
: સરપંચ : બારીઆ રેખાબેન દીપકકુમાર
: તલાટી/મંત્રી : એસ. યુ. પટેલીયા
તથા ગ્રામ પંચાયતના સભ્યો તરફથી

૭૫માં પ્રજાસત્તાક દિનની શુભેચ્છા...
નરસાણા ગ્રામ પંચાયત
મુ.નરસાણા, તા.શહેરા
: સરપંચ : વણકર પ્રફુલકુમાર પુજાભાઈ
: તલાટી/મંત્રી : બી. બી. રાઠોડ
તથા ગ્રામ પંચાયતના સભ્યો તરફથી

૭૫માં પ્રજાસત્તાક દિનની શુભેચ્છા...
બાહી ગ્રામ પંચાયત
મુ.બાહી, તા.શહેરા
: સરપંચ : પરમાર પ્રિયંકાબેન વિજયકુમાર
: તલાટી/મંત્રી : આયુષ એ. વિદ્યાધર
તથા ગ્રામ પંચાયતના સભ્યો તરફથી

૭૫માં પ્રજાસત્તાક દિનની શુભેચ્છા...
સાકરીયા ગ્રામ પંચાયત
મુ.સાકરીયા, તા.શહેરા
: સરપંચ : ભગોરા લલિતાબેન દીપસિંહ
: તલાટી/મંત્રી : આયુષ એ. વિદ્યાધર
તથા ગ્રામ પંચાયતના સભ્યો તરફથી

૭૫માં પ્રજાસત્તાક દિનની શુભેચ્છા...
લીંબોદ્રા ગ્રામ પંચાયત
મુ.લીંબોદ્રા, તા.શહેરા
: સરપંચ : પગી ઉદેસિંહ મડાભાઈ
: તલાટી/મંત્રી : જે. પી. બારીઆ
તથા ગ્રામ પંચાયતના સભ્યો તરફથી
Happy Republic Day

Happy Republic Day
26 January
ખટકપુર ગ્રામ પંચાયત
મુ.ખટકપુર, તા.શહેરા
: સરપંચ : ખાંટ બાલુબેન રણછોડભાઈ
: તલાટી/મંત્રી : ખાંટ વિજયકુમાર કે.
તથા ગ્રામ પંચાયતના સભ્યો તરફથી

૭૫માં પ્રજાસત્તાક દિનની શુભેચ્છા...
સગરાડા ગ્રામ પંચાયત
મુ.સગરાડા, તા.શહેરા
: વહીવટદાર : આર. એસ. ડામોર
: તલાટી/મંત્રી : ખાંટ વિજયકુમાર કે.
તથા ગ્રામ પંચાયતના સભ્યો તરફથી

૭૫માં પ્રજાસત્તાક દિનની શુભેચ્છા...
વાઘજીપુર ગ્રામ પંચાયત
મુ.વાઘજીપુર, તા.શહેરા
: સરપંચ : બારીઆ સવિતાબેન બાબુભાઈ
: તલાટી/મંત્રી : એમ. એસ. બારીઆ
તથા ગ્રામ પંચાયતના સભ્યો તરફથી

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.131